જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦










**તા.૧૬/૧૧/૨૦૨૦ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૮૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૯ | ૦ | ૧૦૬૯૯ | ૧૬૮૩૩ | ૦ | ૧૬૮૩૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૧ | ૫૩ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૬ | ૧ | ૧૫૩૫૭ | ૧૬૧૯૯ | ૧ | ૧૬૨૦૦ |
| | કુલ | ૩૦૪૫૩ | ૧ | ૩૦૪૫૪ | ૩૯૧૧૯ | ૧ | ૩૯૧૨૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૫ | ૬૫,૦૦૦/- |

# <u>ગુમ / અપહૃત બાળકી શોધ્યા અંગેની વિગત</u>

## <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :-</u>

## <u>ભોગ બનનારને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા.શ્રી ‘એલ’ ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૨૦૨/૨૦ ઇ.પી.કો. ૩૬૩ મુજબના કામે એક ૧૦ વર્ષની કિશોરી તા.૧૪/૧૧/૨૦ ના કલાક ૨૨/૦૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે તેના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર ક્યાંક જતી રહેલ હોય અથવા તો તેણીને કોઇ અજાણ્યો ઇસમ ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલ હોય જે ભોગ બનનારને શોધી કાઢવા સારૂ તાત્કાલીક અલગ-અલગ ટીમો બનાવી ગણતરીના કલાકોમાં ભોગ બનનાર ને ચાંદખેડા વિસત સર્કલ પાસેથી શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.

<u>કામગીરી કરનાર</u>

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર આર.એલ.ખરાડી

(૨) હેડ કોન્સ. નિખીલેશ દિપકકુમાર બ.નં. ૮૫૩૯

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) મહીલા લોકરક્ષક વર્ષાબા રતનસિંહ બ.નં.૧૦૬૩૧

(૫) લોકરક્ષક જયેશકુમાર સયજીભાઈ બ.નં.૧૨૦૫

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૮૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૩ સ્કુટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૮૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૯૮૯/૨૦૨૦**

**નારોલ** : ડાહ્યાલાલ ભીખાજી પ્રજાપતિ (ઉ.વ.૪૦)(રહે.દેસાઇની પોળ, સરસપુર, શહેરાકોટડા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે અસલાલી થી નારોલ સર્કલ તરફ શાહવાડી બ્રીજ ઉતરતા રોડ ઉપરથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એ ભેગામળી ડાહ્યાલાલ પાસેની કાળી બેગ કે જેમાં રોકડ રૂપિયા ૩,૨૫,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો હતા તે બેગ ઝુંટવી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.ચૌધરી ચલાવે છે.

**માધવપુરા** : ગણેશભાઈ દેવીલાલ જૈન (ઉ.વ.૭૦)(રહે.આમ્રકુંજ ફ્લેટ, રાજસ્થાન હોસ્પીટલ રોડ સુજાતા ફ્લેટની સામે, શાહીબાગ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે દિલ્લી દરવાજા, લીમડા સર્કલ પાસે છોટાલાલની ચાલી ખાતેના ગણેશભાઇના જુના મકાનમાં વકરાના રૂપિયા ટેબલ ઉપર મુકી ગણતા હતા ત્યારે ગણેશભાઇની દુકાનમા અગાઉ કામ કરી ચુકેલ જુનો માણસ વિજયસિંહ ચુંડાવત (રહે.ગામ.તુરકીયા તા.કપાસન જીલ્લો ચીતોડગઢ રાજસ્થાન)એ મોટા પથ્થરો વડે ગણેશભાઇને ઇજા કરી, ચલણી નોટોના બંડલો કુલ રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૦/૨૦૨૦</u>**

**નારોલ** : રાહુલ સુરજભાઇ કટારીયા (ઉ.વ.૨૫)(રહે.ચન્દ્રપ્રભા સોસાયટી, ગેબનશા કેનાલ રોડ, નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૦ સાંજના ૭/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોના ના દાગીના કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ફુલધારા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૧/૨૦૨૦</u>**

**ખોખરા** : જેવીયરભાઇ ડેવીડભાઇ વાઇડ (ઉ.વ.૪૬)(રહે.રાધેકિશનનગર વિભાગ-૦૧ ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૦ રાતના કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી